**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૬ ટકા

# સરકારી શાળામાં કોમ્પ્યુટર શિખવાડતા યુવાનોને સલામ

## આપણું ફાઉન્ડેશન દ્વારા કોમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટિવલ અંતર્ગત 'સ્માર્ટ નોલેજ શેરીંગ સેશન'માં શહેરની ૨૨ શાળાના ૧ હજારથી વધુ બાળકોને કોમ્પ્યુટર બેઝીક શિખવાડવામાં આવ્યું : ૫૫ સ્વયંસેવકોએ સેવા આપી





### જીઈબી કોલોનીની શાળામાં કોમ્પ્યુટર લેબ જ નથી..!

ધોરણ-૬, ૭ અને ૮માં કોમ્પ્યુટરક બેઝીકનો સમાવેશ અભ્યાસક્રમમાં છે તેથી બાળકોને કોમ્પ્યુટર બેઝીક શિખવાડવા માટે શાળાના કોમ્પ્યુટર લેબના પીસીનો ઉપયોગ કરવાનો યુવાનોએ પ્રયત્ન કર્યો હતો. પરંતુ મોટા ભાગની શાળાઓમાં કોમ્પ્યુટર લેબના મોટા ભાગના પીસી બંધ કે ક્ષતિગ્રસ્ત મળ્યા હતા. આશ્ચર્ય તો એ વાતનું છે કે જીઈબી કોલોનીની સરકારી પ્રાથમિક શાળામાં તો કોમ્પ્યુટર લેબ જ નથી.

ગાંધીનગર, તા.૧૧

ભારતના વડાપ્રધાને દેશને ડિઝીટલ ઈન્ડિયા બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે પરંતુ સરકારી પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટરનો વિષય હોવા છતાં ક્યાંક તેને શિખવનાર શિક્ષકો નથી તો ક્યાંક કોમ્પ્યુટર લેબના ઠેકાણા નથી. આ સંજોગોમાં ગાંધીનગરના સેવાભાવી યુવાનોએ શહેરની પ્રાથમિક શાળાના બાળકો કોમ્પ્યુટર શિખવાથી વંચિત ના રહી જાય તે હેતુથી 'કોમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટિવલ' ઉજવવાનું નક્કી કર્યું છે જે અંતર્ગત આજે પ્રથમ ચરણમાં શહેરની ૨૨ સરકારી પ્રાથમિક શાળાઓના આશરે ૧ હજારથી વધુ બાળકોને 'કોમ્પ્યુટર બેઝીક' શિખવાડવામાં આવ્યું હતું.

કોમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટિવલ અંતર્ગત આજે 'સ્માર્ટ નોલેજ શેરીંગ સેશન' આયોજિત કરાયું હતું. જેમાં ગાંધીનગરની ૨૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન ધોરણ-૬, ૭ અને ૮ના બાળકોને કોમ્પ્યુટર બેઝીક શિખવાડવામાં આવ્યું હતું. આપણું ફાઉન્ડેશન આયોજિત 'સ્માર્ટ નોલેજ શેરીંગ સેશન'માં અમદાવાદ અને ગાંધીનગરની આઈટી કંપનીઓમાં કાર્યરત તજજ્ઞો તથા કોમ્પ્યુટર ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ બાળકોને કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન આપવાની સેવાઓ આપી હતી. જેમાં સંસ્થાના સ્વયંસેવકો મળીને આશરે ૫૫ જેટલા સેવાભાવી યુવાનો આ સદકાર્યમાં જોડાયા હતા. આ કાર્ય સાથે સંસ્થાના સ્વયંસવકો દ્વારા શાળામાં કેટલા કોમ્પ્યુટર્સ છે તેમાંથી કેટલા ચાલુ હાલતમાં છે અને કોમ્પ્યુટર વિષયને શિખવતા શિક્ષકો છે કે નહિ તે અંગેનો સર્વે કરી ડેટા એકત્ર કરવામાં આવ્યો હતો. જેના આધારે આગામી દિવસોમાં આ પ્રોજેકટને વધુ અસરકારક બનાવાના પગલાં લેવામાં આવશે.

### કઈ શાળાઓમાં સેશન યોજાયું?

કોમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટિવલ અંતર્ગત સ્માર્ટ નોલેજ સેરીંગ સેશનમાં ગાંધીનગરની સે-૨, ૩, ૬, ૭, ૮, ૧૨, ૧૩/૧, ૧૩/૨, ૧૬, ૨૦/૧, ૨૦/૨, ૨૧, ૨૪/૧, ૨૪/૨, ૨૭, ૩૦, ધોળાકુવા, ઈન્દ્રોડા-૧, ઈન્દ્રોડા-૨, આદિવાડા, બોરિજ અને જીઈબી કોલોની સરકારી પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરાયો હતો.

# સોસાયટીઓના સીસીટીવી કેમેરામાં કેદ થયેલા એકેય ચોર પકડાતા નથી..!

## ફરજીયાત સીસીટીવી કેમેરાનો નિયમ માત્ર જાહેરનામા ભંગના કેસો કરવા જ બનાવ્યો હોય તેમ લાગી રહ્યું છે..!

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ચોરી ઘરફોડ, વાહનચોરી અને પેટ્રોલ ચોરી જેવા અનેક કિસ્સાઓ બેફામ બની રહ્યા છે ત્યારે પોલિસ લાચાર હોય તેમ લાગી રહ્યું છે. એક તરફ જિલ્લામાં તમામ ખાનગી-સરકારી એકમોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત લગાડવા જાહેરનામું પ્રસિદ્ધ થયેલું છે તો બીજી તરફ સુરક્ષા અને સલામતિ ઉપરાંત ગુનેગારો પકડવાના જે આશયથી આ કેમેરા લગાડવા નિયમ અમલી બનાવાયો છે તે કેમેરામાં કેદ થતા એકેય આરોપી પોલિસના હાથે પકડાતા નથી તે જોતા આશ્ચર્ય છવાયું છે.

સોસાયટીઓમાં જો



સીસીટીવી કેમેરા લાગેલા ન હોય અને તે પૈકીની એકેય સોસાયટીના મકાનમાં ચોરી થાય તો પોલિસ માથે ચઢી જાય છે કે સીસીટીવી લગાડતા નથી..! અમે ભગવાન છીએ કે અમને ખબર પડી જાય કે ચોર કોણ છે? તેમ કહી સોસાયટીમાં કેમેરા નહી હોવાનો જાહરનામા ભંગનો ગુનો દાખલ કરી દેશે..! તો બીજી તરફ જે સોસાયટીઓમાં કેમેરા લાગેલા છે તે કેમેરામાં અત્યાર સુધીમાં સંખ્યાબંધ ઘરફોડ ગેંગ અને વાહનચોરો પેટ્રોલ ચોરો કેદ થયલા છે જેના ફુટેજ પણ પોલિસ મેળવી ચુકી છે પરંતુ અનેક પ્રયત્નો છતાં આ ચોરો પૈકી એકેય ચોર પોલિસને હાથ લાગતા નથી. ફરજીયાત સીસીટીવી કેમેરાનો નિયમ માત્ર જાહેરનામા ભંગના કેસો કરવા માટે જ બનાવવામાં આવ્યો હોય તેમ લાગી રહ્યું છે.

### સગીરા પર બળાત્કારના ગુનામાં વોન્ટેડ શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૧

જિલ્લાના રખિયાલ પોલિસ સ્ટેશનની હદમાં આવેલા એક ગામમાંથી સગીરાને બે મિત્રો બાઈક પર ઉઠાવી અપહરણ કરી ગયા હતા



અને ત્યારબાદ બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના બાદ દાખલ થયેલા ગુનામાં નાસતા ફરતા એક આરોપીને ગાંધીનગર સી.પી.આઈ.ની ટીમે દબોચી લીધો છે. સીપીઆઈ એલ.ડી. વાઘેલાની ટીમે દહેગામના ખાખરા વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષીય રણજીત લાલસિંહ સોલંકીની ધરપકડ કરી લઈને વધુ તપાસ શરુ કરી છે.



સંજય લીલા ભણશાલીની ફિલ્મ પદમાવતીના વિરોધમાં આજે અખીલ બ્રહ્મ એકતાના યુવાનો શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સાંજે ૫.૦૦ કલાકે એકઠા થયા હતા અને મૌન ધારણ કરી પોસ્ટર દર્શાવી યુવાનોએ પદમાવતી ફિલ્મનો વિરોધ કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા.

### સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા સિવિલમાં બાળકોને બિસ્કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૧

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ ગાંધીનગરની રજત જયંતિ વર્ષ નિમિતે સિ.સિ.કા ની મહિલા પાંખની મહિલાઓ દ્વારા સિવિલ ખાતે તાજેતરમાં પ્રસુતા બહેનોને શીરાનું



કાઉન્સીલની રજત જયંતિ વર્ષ નિમિતે ગાંધીનગર સિવિલ ખાતે તા.૯ ના રોજ ગયા હતા અને સૌ મહિલા હોદેદારોએ પ્રસુતા વોર્ડમાં જઈને દરેક મહિલાને શીરાનું ભોજન પીરસ્યુ હતું. જયારે નાના બાળકો માટે નાના ઝભલા ભોજન તેમજ નાના બાળકો માટે ઝભલા-ટોપીનો સેટ દરેક બાળકને આપ્યો હતો.

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના પ્રમુખ આશાબહેન દોશી, શર્મિષ્ઠાબેન દવે, મીનાબહેન શાહ, દામીની બેન લાખીયા, સરોજબેન દેસાઈ, કોકીલાબેન મહેતા અને ઈન્દુંમતિ બેન અમરાવતકર,આરતીબેન, પારૂલબેન સહિતના બહેનોએ સાથે મળીને તેમજ ટોપીનું વિતરણ કર્યું હતું. ઉપરાંત પિડીયાટ્રીક વોર્ડમાં જઈને અન્ય નાના બાળકો એડમીટ હોય તેઓને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. સિનિયર સિટીઝન્સની મહિલાઓની કામગીરી જોઈ સૌ પ્રસુતા બહેનોએ આભાર વ્યક્ત કર્યો હતો. સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની બહેનોએ પણ આ કામગીરી કરી આનંદિત થયા હતા.

### વાતવાતમાં

● સે-૨૨માં પંચદેવ મંદિરથી મનપાની વોર્ડ કચેરી સુધીની સ્ટ્રીટ લાઈટ બંધ રહેતાં વસાહતીઓ પરેશાન થઈ રહ્યા છે.

● સે-૨૨માં હવે વોક વે બનાવવાનો નિર્ણય લેવાયો હોવાથી ખોદકામની પ્રવૃત્તિથી પણ વસાહતીઓ પરેશાન છે.

● સ્વચ્છતા અભિયાનમાં જિલ્લાની તમામ પ્રાથમિક માધ્યમિક શાળાઓએ આ વખતે સ્પર્ધામાં ઝુકાવ્યુ છે.

### ગાંધીનગર આરટીઓમાં એક હજારથી વધુ આર.સી. બુક પેન્ડીગ

ગાંધીનગર, તા.૧૧

૪૮ કલાકમાં ઘરે પહોંચી જવાના દાવા કરતી સરકારના આ તંત્રમાં ૪૮ દિવસે પણ આરસી બુક મળતી નથી ત્યારે છેલ્લા બેથી ત્રણ મહિનાની એક હજારથી પણ વધુ આરસી બુક પેન્ડીંગ છે. ગાંધીનગર આરટીઓ છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારના કારણે પંકાઈ ગઈ છે. અગાઉ ઈન્સ્પેક્ટર અને એક એજન્ટ લાંચ લેતા રંગેહાથ પકડાઈ ગયા હતા તો ગઈકાલે ક્લાર્કની રાતોરાત બદલી કરી દેવામાં આવતા કર્મચારી રોષે ભરાયા હતા અને કામગીરી છોડીને બેસી ગયા હતા. ત્યારે અધિકારીઓ દ્વારા ફોર વ્હિલરના વાહનોના રજીસ્ટ્રેશનને પ્રાધાન્ય આપવાની સુચના આપવાને કારણે ગાંધીનગર આરટીઓમાં ટુ વ્હિલર વાહનોનું રજીસ્ટ્રેશન પડતર હતું તો હવે આરસી બુકનો પણ ભરાવો થઈ ગયો છે. હાલ પ્રિન્ટીંગ મશીનની કેપેસીટી ઓછી હોવાના કારણે તેમજ સોફટવેરમાં અવાર નવાર ખામી સર્જાવાના પગલે આરસી બુકની કામગીરી ઉપર અસર પડે છે અને સમયસર આ આરસી બુક ડિસ્પેચ થઈ શકતી નથી જેના કારણે એક હજારથી પણ વધુ આર.સી. બુક પેન્ડીંગ છે ત્યારે આ વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

### ખેલ મહાકુંભમાં વિમલ પ્રજાપતિને રાજયકક્ષાએ સિલ્વર મેડલ

ગાંધીનગરના શુટર વિમલ પ્રજાપતિએ તાજેતરમાં રમાયેલ રાજયકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં પીપ સાઈટ એર રાયફલ શુટિંગમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા સિલ્વર મેડલ જીત્યો છે. વિમલ પ્રજાપિતએ ઓપન કેટેગરીમાં રમતા ૬૦૦માંથી ૫૮૫ સ્કોર કરી આ સફળતા હાંસલ કરી છે.



ખેલ મહાકુંભની અંતર્ગત વિવિધ રમતોની રાજયકક્ષાની સ્પર્ધાઓ યોજાઈ રહી છે. આ રમતોત્સવની એર રાયફલ શુટિંગની સ્પર્ધા તા. ૩જીથી ૧૦મી નવેમ્બર દરમિયાન અમદાવાદની રાયફલ કલબ ખાતે યોજાઈ હતી. જેમાં વિવિધ એજ ગૃપમાં સ્પર્ધા રમાડવામાં આવી હતી. ગાંધીનગરના યુવા શુટર વિમલ પ્રજાપતિએ ઓપન એજ કેટેગરીમાં ૬૦૦માંથી ૫૮૫ સ્કોર નોંધાવી આ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં એર રાયફલ શુટિંગની રમતમાં યુવા ખેલાડીઓ ખૂબ રસ દાખવી રહ્યા છે. આ સંજોગોમાં વિમલ પ્રજાપતિની આ સફળતાથી રમત પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે અને ચોતરફથી તેમને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

### કચ્છ મિત્ર મંડળ દ્વારા બાળકોનું સરસ્વતી સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૧

કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા બાળકોનું સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ ખીમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ગાંધીનગર ખાતે સાંજે કલાક ૩ થી ૬ દરમિયાન હળવા ભોજન સાથેનો રાખવામાં આવેલ છે. જેમાં સર્વે ગાંધીનગર સ્થિત કચ્છી ભાઈ બહેનોને પધારવા વિનંતી છે. બાળકોની માર્કશીટ તા. ૩૦-૧૧-૧૭ પહેલાં સ્થાનિક પ્રતિનિધિને મોકલવા વિનંતી છે. વધુ વિગત માટે મો.નં. ૯૪૨૭૮૦૧૪૦૩, ૯૭૨૩૬૭૦૧૪૫, ૯૮૨૫૦૨૯૩૪૦ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

# રાયસણ આદર્શ નિવાસી શાળામાં વર્લ્ડ સાયન્સ ડે ઉજવાયો

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પોપ્યુલર લેકચર તથા સાયન્સ ફિલ્મનું નિદર્શન કરાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રાયસણ ખાતેની આદર્શ નિવાસી શાળા ખાતે તા. ૧૦મી નવેમ્બરે વિશ્વ વિજ્ઞાન દિવસ નિમિત્તે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા પોપ્યુલર લેકચર અને સાયન્સ ફિકશન ફિલ્મના નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યુનેસ્કો દ્વારા તા. ૧૦મી નવેમ્બરને સમગ્ર વિશ્વમાં વર્લ્ડ સાયન્સ ડે તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ વિશ્વમાં શાંતિ, ભાઈચારો અને વિકાસ જળવાઈ રહે તેનો છે. આ વર્ષે આ ઉજવણી 'સાયન્સ ફોર ગ્લોબલ અન્ડરસ્ટેન્ડિંગ' થીમ આધારીત કરવામાં આવી રહી છે.

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે અને વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવાય તે હેતુથી વિવિધ વર્કશોપ, સેમિનાર, સ્પર્ધાઓ, વિજ્ઞાન મેળા જેવા કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે રાયસણ ખાતેની આદર્શ નિવાસી શાળા ખાતે વર્લ્ડ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પોપ્યુલર લેકચર તથા ફિલ્મ શૉનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ અને શાળાના આચાર્યા બિનલબેન વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈએ 'ટકાઉ વિકાસ માટે આપણું વૈશ્વિક લક્ષ્ય' વિષયે બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં તેમણે ૧૭ લક્ષ્યો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. કાર્યક્રમનો લાભ શાળાની ૯૦ જેટલી વિદ્યાર્થીનીઓએ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.




### ચિરવિદાય

● સ્વ. સોલંકી દેવજીભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૩